PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/કવા-૦૧/૧૬-૧૭ / ૪૧૦૮ તા. 04/04/15

**રજી. એ.ડી. પત્ર**

પ્રતિ,
શ્રી દામજીભાઈ જીવરાજભાઈ મારકણા,
ગામ: નાના વડાળા, તા.કાલાવડ (શીતલા)
જી: જામનગર,
મો.૯૪૨૭૨ ૭૬૮૩૨

**વિષય :–ખેત જોડાણ મા પીડીસી રી–કનેકશન બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૪–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૧૬/કવા–૦૧/૧૬–૧૭)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) 03

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામ નગર
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ , પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ)

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:: 01 / HJ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : ૧૬/કવા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૯–૦૪–૧૬ | સ્થળ :–જામનગર |
|---|---|---|

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: શ્રી દામજીભાઈ જીવરાજભાઈ મારકણા, ગામ: નાના વડાળા

રજુઆત કરનાર : અરજદાર શ્રી દામજીભાઈ જીવરાજભાઈ મારકણા હાજર રહેલ હતા

## વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ) (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

રજુઆત કરનાર : જે.વાય.રાઓ, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

---

## : હુકમ:

ફરીયાદ : ખેત જોડાણ મા પીડીસી રી–કનેક્શન બાબત

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ, તેમના ગામ : નાના વડાળા ખાતે આવેલ, ખેતીવાડી સર્વે નંબર :૩૮૮ મા સામાન્ય યોજના હેઠળ નુ નવુ ૦૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે તા.૦૮–૦૬–૧૯૯૩ ના રોજ, રસીદ નં.–૫૨૬૬૬ થી રૂ.૧૦૦/– ભરપાઈ કરીને નોંધાવેલ હતી. ગામ: નાના વડાળા નો આ ખેતીવાડી સર્વે નંબર :૩૮૮ જે, વર્ષ–૧૯૯૫ પછી, ફોફર–૨ સીચાઈ યોજના ના ડેમ હેઠળ આવતા, સીચાઈ ખાતા એ જમીન સંપાદન કરતા, આવા કારણોસર અરજદાર શ્રી ની, તેમની માંગણી મુજબ ના સર્વે નંબર : ૩૮૮ વાળી જમીન, જેની માલીકી સરકાર શ્રી ની થયેલ છે. અરજદાર ના જણાવ્યા મુજબ તેઓ શ્રી ના નામે અન્ય કોઈ ખેતીવાડી સર્વે નંબર ન હોય, આવા કારણોસર, તેઓશ્રી ની સદર તા.૦૮–૦૬–૧૯૯૩ ની અરજી નોંધણીવાળુ, સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે સદર સંપાદીત થયેલ જમીન પર જ સીચાઈ કરવાના હેતુ માટે, જે સદર સંપાદીત થયેલ જમીન પર જ ચાલુ કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

**૨.૧** અરજદાર શ્રી એ તેમના ગામ : નાના વડાળા ખાતે આવેલ, ખેતીવાડી સર્વે નંબર :૩૮૮ મા સામાન્ય યોજના હેઠળ નુ નવુ ૦૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે તા.૦૮–૦૬–૧૯૯૩ ના રોજ, રસીદ નં.–૫૨૬૬૬ થી રૂ.૧૦૦/– ભરપાઈ કરીને નોંધાવેલ હતી. ગામ: નાના વડાળા નો આ ખેતીવાડી સર્વે નંબર :૩૮૮ જે, વર્ષ–૧૯૯૫ પછી, ફોફર–૨ સીચાઈ યોજના ના ડેમ હેઠળ આવતા, સીચાઈ ખાતા એ જમીન સંપાદન કરતા, આવા કારણોસર અરજદાર શ્રી ની, તેમની માંગણી મુજબ ના સર્વે નંબર : ૩૮૮ વાળી જમીન, જેની માલીકી સરકાર શ્રી ની થયેલ છે. આમ, હાલ ના તબ્બકે સદર સંપાદન થયેલ સર્વે નંબર : ૩૮૮ વાળી જમીન અરજદાર શ્રી ની માલીકી ની નથી. જેથી,અરજદાર શ્રી ને સદર સર્વે નંબર : ૩૮૮ વાળી જમીન પર આવેલ બોર / કુવા પર જોડાણ આપી અને આ જમીન પર સીચાઈ કરવાની નિયમાધીન પરવાનગી મળી શકે નહી.

**૨.૨** પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને, તા.૧૨–૦૮–૧૧ ના રોજ પત્ર નં.૨૭૧૩ પાઠવી અને જણાવવામા આવેલ હતુ કે, અરજદાર શ્રી, અથવા નો તેમના સીધીલીટી ના વારસદારો, તેમના મુળ ગામ: નાનાવડાળા અથવા તો, તા.૧૨–૦૮–૧૧ ની સ્થિતી ની સબંધક પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ એવા અન્ય ગામ મા આવેલ, તેમના નામની ખેતીવાડી હેતુ માટે જમીન પર, મુળ અરજદાર ના નામે અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામે, નામ બદલી અને સ્થળ તબ્દીલી અને વીજભાર ઘટાડા / વધારા સાથે પુન: ચાલુ કરવાની, વિધીસર ની અરજી, જો પીજીવીસીએલ મા, નિયત અરજી ફોર્મ સાથે – માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર ની, માંગણીદાર ની માલીકી ને સમર્થન આપતા, (૧) ૭/૧૨ (૨) ૮–અ (૩) હકકપત્રક –૬ (૪) પાણી પત્રક નં.–૧૬, અને (૫) મુળ સર્વે નંબર :૩૮૮ સીચાઈ ખાતા તરફથી સંપાદીત થયેલ હોવા સબબ નુ, સીચાઈ ખાતાનુ પ્રમાણપત્ર, અને જરૂર જણાયે અન્ય વારસદારો ના રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર લેખીત સંમતીપત્ર, વગેરે દસ્તાવેજીક પેપર્સ – નિયત અરજી સાથે જોડીને પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, નિયત નોંધણીચાર્જ ભરપાઈ કરીને, વિધીસર ની અરજી, નોંધાવશે તો, અરજદાર શ્રી ની સદર અરજી અન્વયે, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ ( બદલાયેલ પરીસ્થિતી અન્વયે નવીન ખેતીવાડી વીજજોડાણ આપવા માટે ના માર્ગદર્શન ના મુદ્દા નં.(ક) મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ), અરજદાર શ્રી ને તેઓ શ્રી ની મુળ તા.૦૮–૦૬–૧૯૯૩ ની અરજીવાળુ, સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે મુળ ગ્રાહક એટલેકે અરજદાર અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર ના નામે આવેલ, તેઓના મુળ ગામ: નાનાવડાળા ખાતે ની જમીન પર ના કોઈપણ સર્વે નંબર પર, અથવા તો, તા.૦૮–૦૬–૧૯૯૩ ની અરજી નોંધણી સમયે ની સબંધક પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ એવા અન્ય કોઈપણ ગામો મા આવેલ, મુળ ગ્રાહક અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામે આવેલ, ખેતીવાડી હેતુ માટે ની કોઈપણ ખેતીવાડી ની સર્વે નંબર વાળી જમીન કે જેમા, કોઈ ખેતીવાડી વીજજોડાણ હૈયાત ન હોય તેવી જમીન પર, મુળ અરજદાર ના નામે અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામે, નામ બદલી અને સ્થળ તબ્દીલી અને વીજભાર ઘટાડા / વધારા સાથે, સદર મુળ તા.૦૮–૦૬–૧૯૯૩ ની અરજી વાળુ નવુ જોડાણ આપવાની નિયમાધીન કાર્યવાહી પીજીવીસીએલ તરફથી હાથ ધરવામા આવશે.

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | ફોરમ સમક્ષ ના સવાલવાળા અરજદારની મુળ તા.૦૮–૦૬–૧૯૯૩ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની તેમના ગામ: નાનાવડાળા ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૩૮૮ વાળી જમીન પર નોંધાયેલ અરજી વાળી જમીન, જે સરકાર શ્રી ના સીચાઈ ખાતા દ્વારા સંપાદન થઈ ચુકેલ છે. જે, મુજબ સદર સર્વે નંબર : ૩૮૮ વાળી જમીન ની માલીકી હાલ ના તબ્બકે પણ હાલ સરકાર શ્રી ની છે, એટલેકે આ જમીન ની માલીકી હાલ ના તબ્બકે, અરજદાર શ્રી ની નથી – આવા કારણોસર અરજદાર ને, તેમની માંગણી મુજબ ની મુળ તા.૦૮–૦૬–૧૯૯૩ ની અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે '' હાલ ના તબ્બકે સરકાર શ્રી ની માલીકી હકક હેઠળ આવેલ – એટલેકે સરકાર શ્રી ની સંપાદીત થયેલ જમીન સર્વે નંબર :૩૮૮ વાળી જમીન પર'' આપી શકાય નહી. આ બાબત નિયમાધીન હોય, જેથી, અરજદારો ની આ માંગણી ફોરમ કક્ષાએથી ગ્રાહય રહેલ નથી. |
| **૩.૨** | સરકાર શ્રી તરફથી સંપાદીત થયેલ ગામ: નાના વડાળા ના સર્વે નંબર : ૩૮૮ વાળી જમીન કે જેમા, અરજદાર શ્રી ની સામાન્ય યોજના હેઠળ ની, નવા ૦૫ હોપાના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે તા.૦૮–૦૬–૧૯૯૩ ના રોજ નોંધાયેલ છે, તે અરજી વાળા નવા ખેતીવાડી વીજજોડાણ નેં, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ ( ખેતી વિષયક હળવા દબાણ ના હૈયાત વીજ જોડાણ ધરાવતા ગ્રાહક ના સ્થળ ફેર – શીફટીગ ના મથાળા હેઠળ ના મુદ્દા નં. (૨) ના પેરા નં. '' ઢ'' મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ) મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, સદર તા.૦૮–૦૬–૧૯૯૩ ની અરજી નોંધાયેલ અરજી ને, અરજદાર શ્રી ના મુળ ગામ અથવા તો, મુળ અરજી તા.૦૮–૦૬–૧૯૯૩ ની નોંધણી ની સ્થિતી વાળી, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ એવા કોઈપણ ગામો મા અરજદાર શ્રી અથવા તેમના સીધીલીટી ના વારસદારો ના નામે આવેલ ખેતીવાડી સર્વે નંબર વાળી જમીન પર, કે જે જમીન પર – કોઈ ખેતીવાડી વીજજોડાણ હૈયાત ન હોય તેવી જમીન પર – મુળ અરજદાર ના નામે અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામની, સદર મુળ તા.૦૮–૦૬–૧૯૯૩ ની નોંધાયેલ અરજી વાળુ, નવુ ખેતીવાડી વીજજોડાણ, જે નામ બદલી અને શીફટીગ સાથે ચાલુ કરવા માંગતા હોય તો, અરજદાર શ્રી એ, આવી નામ બદલી સાથે, શીફટીગ અને વીજભાર ઘટાડા, વધારા સાથે, જોડાણ ને પુનઃ ચાલુ કરવાની, વિધીસર ની – જે નિયત અરજી ફોર્મ સાથે ની અરજી– જે માંગણી મુજબ ની જગ્યા ની માલીકી, જે માંગણીદાર ની હોવા ને સમર્થન આપતા (૧) ૭/૧૨ (૨) ૮–અ (૩) હકકપત્રક –૬ ( ૪) પાણીપત્રક –૧૬ તેમજ મુળ ગ્રાહક ના અન્ય વારસદારો ની રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પ પેપર પર ની લેખીત સંમતીપત્ર – (૫) સીચાઈ વિભાગના – સંપાદન કરનાર સક્ષમ અધિકારી શ્રી ના સદર જમીન ડુબ મા જતી હોવાના કારણોસર સંપાદન થયેલ હોવા સબબ નુ પ્રમાણપત્ર, વગેરે દસ્તાવેજોક પેપર્સ વગેરે સાથે જોડીને કરાયેલ, આવી નિયત ફોર્મમા રજુ થયેલ અરજી – જો અરજદાર તરફથી પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા રજુ કરવામા આવશે, તો અરજદાર શ્રી ની આ મુજબ ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી સદર અરજી પરત્વે, અરજદાર ને, તેઓ શ્રી ની માંગણી મુજબ નુ , મુળ તા.૦૮–૦૬–૧૯૯૩ ની અરજી વાળુ, નવુ ખેતીવાડી વીજજોડાણ – જે, તેઓ શ્રી ની માલીકી ની મુળ નાનાવડાળા ગામ, અથવા તો તા.૦૮–૦૬–૧૯૯૩ ની નોંધણી ની સ્થિતી ના, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ એવા ગામો મા, મુળ ગ્રાહક અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામે આવેલ ખેતીવાડી ની જમીન પર, નામ બદલી અને શીફટીગ સાથે, વીજભાર ઘટાડા / વધારા સાથે, નવુ ખેતીવાડી વીજજોડાણ આપવાની નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી હાથ ધરવામા આવશે. સદર કેઈસ મા, અરજદારો ને આ મુજબ ની જાણકારી આપવાનો,ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ઓને તેઓ ના સદર, મુળ તા.૦૮–૦૬–૧૯૯૩ ની અરજી મા કરાયેલ માંગણી મુજબ નુ સ્થળ, એટલેકે ગામ: નાનાવડાળ ના સર્વે નંબર ૩૮૮ વાળી જમીન, જે હાલ ના તબ્બકે સરકાર શ્રી દ્વારા સંપાદીત થયેલ જમીન પર, પુનઃ ચાલુ કરી શકાય નહી. જેથી, અરજદારો ની આ માંગણી ફોરમ કમિટી તરફથી ગ્રાહય રહેલ નથી. |

| | |
|---|---|
| ૪.૨ | તેમજ, જો અરજદાર, તેઓની મુળ તા.૦૮–૦૬–૧૯૯૩ ની સામાન્ય યોજના હેઠળ નોધાવેલ નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી અન્વયે નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માંગતા હોય તો, અરજદારે સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે ની વિધીસર ની અરજી, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા નોધાવવાની રહેશે. જો, અરજદાર આ મુજબની વિધીસર ની અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા નોધાવશે તો, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી સદર અરજી પરત્વે, અરજદાર ને, તેઓ શ્રી ની માંગણી મુજબ ના, મુળ તા.૦૮–૦૬–૧૯૯૩ ની સામાન્ય યોજના હેઠળ નોધાવેલ નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી અન્વયે નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે તેઓ શ્રી ની માલીકી ની મુળ નાનાવડાળા ગામ, અથવા તો તા.૦૮–૦૬–૧૯૯૩ ની સ્થિતી ની પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી ના કાર્યવાહી હેઠળ સમાવિષ્ટ એવા કોઈપણ ગામો મા, મુળ ગ્રાહક અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામે આવેલ ખેતીવાડી ની જમીન પર, નામ બદલી અને શીફટીગ સાથે, વીજભાર ઘટાડા / વધારા સાથે, નવુ જોડાણ આપવાની નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી હાથ ધરવામા આવશે. સદર કેઈસ મા, ખાસ કરીને અરજદારો ને તેમજ પીજીવીસીએલ પક્ષકાર ને પણ આ મુજબ ની જાણકારી આપવાનો,ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન.ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..